જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૧૨/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૨૧૪૦/૧૯**

## પાસા હેઠળ કરેલ અટકાયતની વિગત

### નારોલ પોલીસ સ્ટેશન :

**પ્રોહીબીશન ની પ્રવુતિ સાથે સંકળાયેલ ત્રણને પાસા હેઠળ અટકાયત કરી રાજકોટ જેલ તથા લાજપોર જેલ સુરત મોકલતી નારોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સા. તેમજ નાયબ પોલીસ કમિશંરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓનીસુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય પ્રોહીબિશન સબંધી અસામાજીક પ્રવુતી આચરતા (૧) બેબીબેન અરવિંદભાઇ ચુનારા ઉ.વ.૬૫ રહે, ચુનારાવાસ નારોલ ગામ, નારોલ અમદાવાદ શહેર ને પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૩/૨૦૧૯ તા.૧૬/૧૨/૨૦૧૯ તથા (૨) સુનિતાબેન વા/ઓ નિલેશભાઇ ચુનારા ઉ.વ.૩૬ રહે, ચુનારાવાસ દશામાતાના મંદીર પાછળ, નારોલગામ અમદાવાદ શહેર ને પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૫/૨૦૧૯ તા.૧૬/૧૨/૨૦૧૯ તથા (૩) નિલેશભાઇ અરવિંદભાઇ ચુનારા ઉ.વ.૩૩ રહે, ચુનારાવાસ દશામાતાના મંદીર પાછળ, નારોલગામ અમદાવાદ શહેર પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૪/૨૦૧૯ તા.૧૬/૧૨/૨૦૧૯ નાઓને ગુનાહીત પ્રવુતિ સબબ એસ.એ.ગોહિલ પો.ઇન્સ શ્રી નારોલ પો.સ્ટે નાઓએ પાસા દરખાસ્ત ભરી પો.કમિશ્રી અમદાવાદ્ શહેર ને મોકલતા થી પાસા અટકાયતી નો હુકમ કરતા મજકુર અટકાયતીઓને આજ-રોજ બજવણી કરી રાજકોટ જેલ તથા સુરત જેલ ખાતે પાસામાં મોકલી આપેલ છે.



ચાંદખેડા પોલીસ સ્ટેશન :

## દેશીદારુની હેરાફેરી કરતા ઇસમની
## ચાંદખેડા પોલીસ દ્વારા પાસા અટકાયત

ચાંદખેડા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં.૫૨૦૪/૧૯ધી પ્રોહી એક્ટ કલમ ૬૬બી, ૬૫(ઇ) ૮૧ તથા ૯૮(૨) મુજબના ગુનાના કામના આરોપી સલમાન S/O મોહમદ હનીફ વલી મોહમદ કુરેશી ઉં.વ.૨૧ રહે. મદીના મસ્જીદ નાળા બકરામંડી, જયરામ ડેરીની બાજુમાં, રોનક બજાર, રાણીપ અમદાવાદ શહેર નાનો અમદાવાદ શહેરમાં પોતાના સાગરીતો સાથે મળી પોલીસથી ચોરી છોપીથી ઇકો ગાડી નં.GJ-01-DZ-1678 માં દેશીદારુ ની હેરાફેરી કરતા દેશીદારુ ૭૧૮ લિટર કિં.રૂ. ૧૪૩૬૦/- તથા ઇકો ગાડી કિં.રૂ. ૧,૫૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૧ કિંમત રૂ.૫૦૦/- તથા રોકડ નાંણા ૨૩૦/-મળી કુલ્લે ૧,૬૫,૦૯૦/- ના મુદ્દામાલ સાથેમળી આવેલ હોય તેની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસકમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૧૪૩૮/૧૯ તા.૧૬/૧૨/૨૦૧૯ થી સદરી આરોપીને સુરત જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરેલ સદરી આરોપીને આજરોજ તા.૧૬/૧૨/૨૦૧૯ કલાક ૨૧/૪૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત જેલ ખાતે મોકલી આપેલ છે.



## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે. પોલીસ કમિશ્નરશ્રી આશીષ ભાટિયા નાઓએ તા.૧૬.૧૨.૧૯ ના રોજ અમદાવાદ શહેરના જુદા જુદા પોસ્ટે વિસ્તારમાં વારંવાર શરીર સબંધી/મિલ્કત સબંધી/પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની ગાડી ઉભી રખાવી લાયસંસ બતાવવાનુ કહી પર્સમા થી રોક્ડ નાણાંની લુટ કરવાની તેમજ કારખાનાની બહાર પડેલ લોખંડની ગ્રીલની ચોરી કરી ગુનાહિત માનસ ધરાવતા ઈસમ નામે મોઈનખાન સુલતાનખાન પઠાણ રહેવાસી- મ.ન.એ/૫૬ જશનગર, જનતાનગર, રામોલ,અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોઈનખાન સુલતાનખાન પઠાણ રહેવાસી- મ.ન.એ/૫૬ જશનગર, જનતાનગર, રામોલ,અમદાવાદ |

- વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાબેન્કના ડીપોઝીટ મશીનમા રોક્ડ નાણા જમા કરવામા મદદ કરવાના બહાને લોકોનો વિશ્વાસ કેળવી નાણા જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવાની ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ શિવદત્ત કરણસિંહ કોળી રહેવાસી- રાજુભાઈ રબારીના મકાનમા,ગાયત્રી નગર,સાયના પુષ્પક ફ્લેટની બાજુમા, ઘાટલોડીયા અમદાવાદ શહેર મુળ વતન ગામ-છતોરીપુરા અરનોટા, થાના- બસઈ અરેલા તા.બાહ ઉતરપ્રદેશ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી સુરત જેલ મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | શિવદત્ત કરણસિંહ કોળી રહેવાસી- રાજુભાઈ રબારીના મકાનમા,ગાયત્રી નગર,સાયના પુષ્પક ફ્લેટની બાજુમા, ઘાટલોડીયા અમદાવાદ શહેર મુળ વતન ગામ-છતોરીપુરા અરનોટા, થાના- બસઈ અરેલા તા.બાહ ઉતરપ્રદેશ |

➢ શાહીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોની સાથે ઝઘડો કરી મારામારી કરી લાકડા તેમજ બેજબોલથી માર મારી ઈજા કરનાર ગુનાહિત અને ઝનુની માનસ ધરાવનાર ચેતન ગોવિંદભાઈ લલ્લુભાઈ ડાભી (વેડુ વાઘરી) રહેવાસી- લાલી તળાવના કાચા છાપરા મહાલક્ષ્મી બંગ્લોઝનીબાજુમા નવરોજી હોલની સામે ડફનાળા ઘેવર રોડ સીમલા એવન્યુ ફ્લેટની સામે શાહીબાગ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | ચેતન ગોવિંદભાઈ લલ્લુભાઈ ડાભી (વેડુ વાઘરી) રહેવાસી- લાલી તળાવના કાચા છાપરા મહાલક્ષ્મી બંગ્લોઝનીબાજુમા નવરોજી હોલની સામે ડફનાળા ઘેવર રોડ સીમલા એવન્યુ ફ્લેટની સામે શાહીબાગ અમદાવાદ શહેર |

➢ આ ઉપરાંત અન્ય શરીર સબંધી/ પ્રોહીબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ ૭ ઇસમો મળી કુલ્લે ૧૦ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી તેઓને સુરત, વડોદરા,રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

# ચોરીના આરોપીની કરેલ અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન :

### એક વર્ષ અગાઉ થયેલ ઘરફોડ શોધી કાઢી મુદ્દામાલ કબ્જે કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબતથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ સિનિ.પો.ઈન્સ. શ્રી કે.સી.રાઠવા સાહેબ નાઓએ હાલમાં પો.સ્ટે.વિસ્તારમાં ઘરફોડ ચોરીના બનાવો સંબંધે ગુનાઓ ડીટેક્ટ કરવા સારું આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કવૉડના પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.લો.ર.કેતનકુમાર ગોવિંદભાઈ બ.નં.૧૧૬૩૫ તથા અ.લો.ર.જીગરકુમાર રામજીભાઈ બ.નં.૧૧૩૦૫ નાઓને સંયુક્ત બાતમી આધારે આરોપી (૧) રાહુલ ઉર્ફે ધુમાડો S/O જગદીશભાઈ ધર્માભાઈ જાતે.વાઘેલા ઉ.વ.૨૧ રહે-મ.નં.૮૫૭/૩, ભીલવાસ, પાણીની ટાંકી પાસે, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર (૨) ગોવિંદ ઉર્ફે કરણ S/O ચુનીલાલ દેવાજી માજીરાણા(ભીલ) ઉ.વ.૨૦ રહે-મ.નં.૪૨૦, ભીલવાસ, પાણીની ટાંકીની પાછળ, જય બાબારી ડેકોરેશનની બાજુમાં, સરદારનગર, અમદાવાદ શહેર નાઓની અંગઝડતીમાંથી (૧) સોનાની ગોળ વિંટી કિં.રૂ.૫૯૨૯/- (૨) સોનાની વિંટી લેડીઝ કિં.રૂ.૬૫૯૬/- (૩) સોનાની વિંટી લેડીઝ કિં.રૂ.૩૦૦૫/- (૪) સોનાનો દોરો ચક્તો સાથેનો નંગ સાથે કિં.રૂ.૧૫,૯૬૦/- તમામ દાગીના કુલ્લે કિં.રૂ.૩૧,૪૯૦/- ની મત્તાનો મુદ્દામાલ CRPC કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી ઉપરોક્ત બંન્ને આરોપીઓ વિરૂધ્ધ CRPC કલમ-૪૧(૧)(ડી) મુજબ તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ અટક કરવામાં આવેલ અને ત્યારબાદ ઉપરોક્ત બંને આરોપીઓ જે ઘરમાંથી ચોરી કરેલ જે ઘર બતાવતા જે ઘરે જતાં એક બેન હાજર નામે-જમનાબેન W/O ઓમપ્રકાશ સોની ઉ.વ.૩૩ રહે-મ.નં.૬૪૮, સમરથનગર સોસાયટી, મોરલી દલાલની દુકાનની આગળ ગલીમાં સરદારનગર, અમદાવાદ શહેર નાઓ હાજર મળેલા અને તેઓ જણાવેલ કે મારા ઘરમાંથી એક વર્ષ અગાઉ નવરાત્રિના તહેવારના સમયે ત્રણ વીંટી તથા એક સોનાની ચેઈન ચક્તા સાથેની ચોરી થયેલ હોવાનું જણાવેલ અને સદર બેનને પંચો રૂબરૂ કબ્જે કરેલ સોનાના દાગીનાની ઓળખ કરાવતા ઓળખી બતાવેલ જેથી ઉપરોક્ત બંન્ને આરોપી તથા આરોપી નં.(૩) નવલ ઉર્ફે સિધ્ધાર્થ S/O વિહાભાઈ અનાજી માજીરાણા (ભીલ) ઉ.વ.૨૦ નાઓને એરપોર્ટ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૨૭/૧૯ ધી ઈ.પી.કો. કલમ-૩૮૦,૪૫૭,૧૧૪ મુજબના કામે અટક કરી મુદ્દામાલ રીકવર કરી સારી કામગીરી કરેલ છે.

આરોપીઓના નામ : (૧) રાહુલ ઉર્ફે ધુમાડો S/O જગદીશભાઈ ધર્માભાઈ વાઘેલા ઉ.વ.૨૧ રહે- મ.નં ૮૫૭/૩, ભીલવાસ, પાણીની ટાંકી પાસે, આંબાવાડી, સરદારનગર, અમદાવાદ શહેર તથા (૨) ગોવિંદ ઉર્ફે કરણ S/O ચુનીલાલ દેવાજી માજીરાણા (ભીલ) ઉ.વ.૧૯ રહે-મ.નં ૪૨૦, ભીલવાસ, પાણીની ટાંકીની પાછળ, જય બાબારી ડેકોરેશનની બાજુમાં, સરદારનગર, અમદાવાદ શહેર (૩) નવલ ઉર્ફે સિધ્ધાર્થ S/O વિહાભાઈ અનાજી માજીરાણા (ભીલ) ઉ.વ.૨૦ ધંધો. મજુરી રહે- મ.નં.-૧૪૫, રમેશદત્ત કોલોની, ભીલવાસ, પાણીની ટાંકી પાસે , સરદારનગર, અમદાવાદ શહેર

મુદ્દામાલ : (૧) સોનાની ગોળ વિંટી કિં.રૂ.૫૯૨૯/- (૨) સોનાની વિંટી લેડીઝ કિં.રૂ.૬૫૯૬/- (૩) સોનાની વિંટી લેડીઝ કિં.રૂ.૩૦૦૫/- (૪) સોનાનો દોરો ચક્તો સાથેનો નંગ સાથે કિં.રૂ.૧૫,૯૬૦/-તમામ દાગીના કુલ્લે કિં.રૂ.૩૧,૪૯૦/- ની મત્તાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :

(૧) પો.સબ.ઈન્સ. શ્રી ડી.બી.પ્રજાપતિ

(૨) અ.હે.કો.રમેશભાઈ મંગળભાઈ બ.નં.૯૫૧૪

(૩) અ.હે.કો.ચેતનકુમાર દેવજીભાઈ બ.નં.૩૩૯૦

(૪) અ.પો.કો.અલ્પેશસિંહ ભવાનસિંહ બ.નં.૪૧૪૦

(૫) અ.પો.કો.મહેન્દ્રસિંહ મુળુભા બ.નં.૧૦૧૨૭

(૬) અ.પો.કો.શક્તિસિંહ મહાવીરસિંહ બ.નં.૪૧૪૦

(૭) અ.પો.કો.જગદીશકુમાર જયંતીલાલ બ.નં.૮૪૯૩

(૮) અ.પો.કો.ગણેશભાઈ ધર્માભાઈ બ.નં.૭૧૮૭

(૯) અ.પો.કો.બળવંતસિંહ કનુજી બ.નં.૩૧૧૫

(૧૦) અ.લો.ર. કેતનકુમાર ગોવિંદભાઈ બ.નં.૧૧૬૩૫

(૧૧) અ.લો.ર.જીગરકુમાર રામજીભાઈ બ.નં.૧૧૩૦૫

(૧૨) અ.લો.ર. દશરથકુમાર અમૃતભાઈ બ.નં.૧૧૭૨૯





**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## મિલ્કત સંબંધી ગુનાના આરોપીઓને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સપેક્ટર આર.જી.જાડેજા ઓઢવ પો.સ્ટેશન નાઓ મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઈ. એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ અજીતભાઇ ભીખાભાઇ બ.નં-૪૨૯૪ તથા લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બ.નં-૧૨૩૦૨ તથા લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ બ.નં-૧૨૭૯૧ એ રીતેના સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીંગ હતા દરમ્યાન લોકરક્ષક યુવરાજસિંહ જુવાનસિંહ નાઓને મળેલ બાતમી આધારે ઓઢવ પો સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૧૯૫/૧૯ ઈપીકો કલમ. ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના કામના કામે લુંટમાં ગયેલ એક VIVO કંપનીનો V15 મોડલનો મોબાઇલ ફોન કિ.રૂ.૮૦૦૦/ ના મત્તાના મુદ્દામાલની લુટ કરનાર આરોપીઓ મહમદ હારૂન સ/ઓ મહમદ યુસુફ અન્સારી, ઉ.વ.૧૯ રહે. મ.નં-૬, રંગવાળી ચાલી, જુની મચ્છી માર્કેટ પાસે, રખિયાલ, અમદાવાદ શહેર તથા નં.(૨). મહમદ શાહરૂખ મહમદહુસૈન અંન્સારી ઉ.વ.૨૬ રહે: મ.નં-૧૯, પરવાવતીની ચાલી મોનોગ્રામ મીલની પાછળ, રખિયાલ, અમદાવાદ શહેર નાઓને આજરોજ પકડી મુદ્દામાલ રિક્વર કરી તેઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી મિલ્કત સબંધી ગુનાના કામના આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

## <u>વેજલપુર પોલીસ સ્ટેશન :</u>

### ઘરફોડ ચોરી તથા વાહન ચોરી ના કુલ ચાર ગુન્હાઓનો ભેદ ઉકેલતી વેજલપુર પોલીસ

આજરોજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એમ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના સીનીયર પોલીસ ઈન્સ્પેકટર શ્રી  એલ.ડી.ઓડેદરા સા ના માર્ગદર્શન હેઠળ વાહન ચોરી તથા ઘરફોડ ચોરીના ગુન્હા બનતા અટકાવવા સારૂ તેમજ બનેલ મિલકત સબંધી બનાવો શોધી કાઢવા સુચના કરતા પો. સબ. ઇન્સ. આર.પી.વણઝારા તથા પો. કોન્સ સુરેશભાઈ લાલજીભાઈ બ.નં.- ૧૦૩૪૦ તથા લોકરક્ષક જયભાઈ નારણભાઈ બ.નં- ૬૪૩૧ તથા લોકરક્ષક સત્યપાલસિંહ નીરુભા બ.નં- ૧૩૨૫૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન પો. કોન્સ સુરેશભાઈ લાલજીભાઈ બ.નં.- ૧૦૩૪૦ તથા લોકરક્ષક જયભાઈ નારણભાઈ બ.નં- ૬૪૩૧નાઓની સયુંક્ત બાતમી આધારે આરોપીઓ નામે (૧) મોહમદ બિલાલ સ/ઓ નજીરભાઇ ઇશાકભાઇ શેખ ઉ.વ-૨૩ ધંધો મજૂરી રહે-ઘર નં-૧૫૦૩/૯ અમીનાબીબીની ચાલી રૂબ એપાર્ટમેંટની ગલીમા શાલીમાર સીનેમાંની પાછળ શાહઆલમ દાણીલીમડા આમદાવાદ શહેર તથા (૨) મોહમદઇરફાન ઉર્ફે સીકંદર સ/ઓ અબ્દુલમઝીદ શીરાઝએહમદ શેખ ઉ.વ-૨૩ ધંધો: સુથારીકામ રહે-ઘર નં-૬ બાગે રૂકશાર ડુપ્લેક્ષ, કે.જી.એન.ફ્લેટની સામે બેરેલ માર્કેટ અંદર આર.એમ.પાન પાર્લરની આગળ દાણીલીમડા આમદાવાદ શહેર તથા (૩) સમીર ઉર્ફે મોનુ સ/ઓફ સલીમખાન પઠાણ રહે-બી/૧૪૦ ગુલશને મદીના સોસાયટી અંદર ઢાળ સુર્યનગર ઇસનપુર પોલીસ સ્ટેશન પાસે ભારત પેટ્રોલ પંપ સામે ઇસનપુર રોડ અમદાવાદ શહેર નાઓના કબ્જામાંથી <u>બે સુઝુકી એક્સેસ તથા એક એકટીવા જેની કુલ્લે કિંમત:- ૧,૧૭,૦૦૦/- તથા ઘરફોડાના સોના ચાદીના દાગીના કુલ્લે કિમત:- ૩૫૦૦૦/- મળી કુલ રૂ.૧,૫૨,૦૦૦/-</u> ની મતાનો મુદ્દામાલ રીકવર કરી પ્રસંશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા. ૧૬/૧૨/૨૦૧૯.

<u>નોંધ</u>:- શોધાયેલ ગુન્હાની વિગત

(૧) <u>વેજલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.ન-૨૨૪/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ-૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ</u>

(૨) <u>વેજલપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.ન-૧૬૬/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ</u>

(૩) <u>દાણીલીમડા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.ન-૧૪૦/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ</u>

(૪) <u>દાણીલીમડા પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર.ન-૧૪૧/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ</u>



# પ્રોહીબીશનના આરોપી ની કરેલ અટકાયતની વિગત

## વેજલપુર પોલીસ સ્ટેશન :

## આગામી ૩૧ ડિસેમ્બરનો તહેવાર અનુસંધાને ભારતીય બનાવટનો વિદેશી દારૂનો ગણના પાત્ર જથ્થો પકડી પાડતી વેજલપુર પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા મે નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, "એમ" વિભાગ સાહેબની સુચનાથી આગામી ૩૧ ડિસેમ્બરનો તહેવાર આવતો હોય પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ જુગારના કેશો શોધી કાઢવા સારૂ સુચના આધારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાંહે.કોન્સ રાકેશકુમાર ધનજીભાઈ બ.નં ૪૯૧૬ તથા પો કોન્સ મયુરસિંહ ધર્મેન્દ્રસિંહ બન ૫૬૪૪ તથા પો કોન્સ ભયલુભા દિલુભા બન ૧૧૮૩૦ તથા પો.કોન્સ સિધ્ધરાજસિંહ રતનસિંહ બન ૯૪૯૧ તથા લોકરક્ષક શકિતસિંહ દિલીપસિંહ બન ૧૪૩૭ તથા લોકરક્ષક યશપાલસિંહ બટુકસિંહ બન ૧૨૩૦ તથા બીજા સ્ટાફના માણસો હતા દરમ્યાન <u>પો કોન્સ મયુરસિંહ ધર્મેન્દ્રસિંહ તથા લોકરક્ષક યશપાલસિંહ બટુકસિંહ</u> નાઓની બાતમી આધારે આરોપીઓ નામે (૧) અસ્લમ ઉર્ફે ભૂરો અહેમદભાઈ ડોસાણી ઉવ ૨૬ રહે મકાન નં ૦૩ માસૂમ ફ્લેટની ગલીમાં અલબુજની પાછળ સરખેજ અમદાવાદ શહેર તથા (૨) અફઝલ બસીરભાઈ અલીયાણી ઉવ ૨૫ રહે મકાન નં ૧૦ નુન ફ્લેટ માશા અલ્લાહ રેસીડન્સીની પાછળ લોખંડવાલા પાર્ટી પ્લોટની સામે ફતેવાડી અમદાવાદ શહેર તથા (૩) ઈરફાન અહેમદ મેમણ ઉવ ૩૧ રહે મકાન નં ૧૭ લગઝરી ડુપ્લેક્ષ સવેરા હોટલની સામે ફતેવાડી કેનાલ પાસે ફતેવાડી અમદાવાદ શહેર સદરી ત્રણેય ઈસમો તા-૧૫/૧૨/૨૦૧૯ ના કલાક-૨૧/૦૦ વાગે ફતેવાડી સવેરા હોટલની આગળ જાહેર રોડ ઉપર પોતાના કબ્જાની ઓટો રીક્ષા નં GJ-01-TB-5668 માં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂની "PARTY SPECIAL DELUXE WHISKY FOR SALE IN ARUNACHAL PRADESH ONLY" બ્રાંડની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ-૭૬ જેની કિમત રુપિયા-૩૦,૪૦૦/- ગણી શકાય તથા રીક્ષાની કિમત રૂ ૫૦,૦૦૦/- મળી કુલ્લે રૂ ૮૦,૪૦૦/- ની મતાના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ તેમજ નહી મળી આવેલ સરફરાજખાન કમરખાન પઠાણ રહે મીયાવાડ ચુનારાણો ખાંચો જૈન દેરાસરની પાછળ શાહપુર ચકલા શાહપુર અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધમાં ધી પ્રોહી કલમ-૬૫(એ,ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ કાયદેસર કરી પ્રશનીય તથા ઉમદા કામગીરી કરેલ છે

# અપહરણના ગુનાના ઉકેલની વિગત

**નારોલ પોલીસ સ્ટેશન :**

## સગીરાનો અપહરણનો ગુન્હો ઉકેલતી નારોલ પોલીસ

નારોલ પોલીસ સ્ટેશન ખાતે તા:૧૩/૧૨/૨૦૧૯ના રોજ એક સગીર વયની છોકરીના અપહરણ બાબતે નારોલ પો.સ્ટે.ફર્સ્ટ ગુ.ર.નં.૨૨૫/૧૯ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬ તથા પોક્સો એકટ અન્વયે ગુન્હો નોંધાયેલ..

આ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી આશિષ ભાટીયા સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ બિપીન આહિરે સાહેબના સીધા માર્ગદર્શન નીચે નારોલ પોલીસ ઇન્સ્પેકટર એસ.એ.ગોહિલશ્રીએ તપાસ સંભાળી. સગીરાની યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા તેમજ સાથે સાથે ટેકનિકલ અને સાયન્ટિફિક માધ્યમથી તપાસ કરતા અને જુદા જુદા વિસ્તારના સી.સી.ટી.વી. ફુટેઝ ચેક કરતા સગીરા પોતાની જાતે જ એકલી ચાલીને જતી હોય તેવુ સી.સી.ટી.વી. ફુટેઝમાં જણાય આવેલ તથા સગીરાએ પોતે પણ સ્વીકાર કરેલ કે તેને પોતાના ઘરે ન જવુ હોય જેથી અપહરણની ખોટી સ્ટોરી બનાવેલી. આમ, સમગ્ર બનાવ ઉપજાવી કાઢેલાનુ જણાઇ આવેલ છે જેને મેડિકલ પુરાવાથી પણ સમર્થન મળે છે.